

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવી દિલ્હીમાં ઉદ્યોગ વેપાર જગતના અગ્રણી સંચાલકો, વિદેશી રાજદુતો સમક્ષ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૨૦૧૭માં યોજાઈ રહેલી ૮મી શૃંખલાની વિશેષતાઓ કર્ટન રેઈઝર દ્વારા ઉજાગર કરી હતી. વિજય રૂપાણીએ ઉદ્યોગ વેપાર સંચાલકોને ગુજરાતમાં રોકાણ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાનું ઈજન પાઠવ્યું હતું. તેમણે આ ઉદ્યોગ વેપાર સંચાલકો સમક્ષ પ્રભાવક સંબોધનમાં સ્પષ્ટ પણે જણાવ્યું કે, નવા ઔદ્યોગિક વિકાસના લાભ ગરીબમાં ગરીબ માનવી સુધી પહોંચાડવા છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં વિધાનસભાનું ટૂંકુ સત્ર યોજાશે

## ગુજરાતમાં જીએસટીના અમલ માટે સત્ર યોજાશે : જીએસટી કાઉન્સિલની બેઠકમાં જીએસટીના સ્લેબ નક્કી કરાયા બાદ પહેલી એપ્રિલથી દેશમાં જીએસટીનો અમલ

અમદાવાદ, તા.૪

જીએસટીના સ્લેબ નક્કી કરી દેવામાં આવ્યા બાદ હવે દેશભરમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને અમલી કરવાન માર્ગ મોકળો થઈ ગયો છે. આગામી વર્ષે એપ્રિલથી આને અમલી કરવામાં આવશે. ગુજરાતમાં જીએસટીના અમલીકરણ માટે વિધાનસભાનું સત્ર ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં યોજાય તેવી શક્યતા છે. આ સંદર્ભમાં વાતચીતનો દોર શરૂ થયો છે. ગુજરાતમાં ડેપ્યુટી મુખ્યપ્રધાન અને નાણાપ્રધાન નિતિન પટેલે દિલ્હીમાં મળેલી બેઠક અંગે જણાવ્યું કે, દેશનાં તમામ રાજ્યોના નાણામંત્રીઓ હાજર હોવાની બેઠક પાંચથી છ કલાક સુધી ચાલી હતી. જો કે, જીએસટીનો અમલ સમગ્ર દેશમાં એક સાથે જ કરાશે.

જો કેન્દ્ર સરકાર ૧લી એપ્રિલથી અમલ કરવાનું કહેશે તો ગુજરાતે પણ તેનો અમલ કરવો જ પડશે. આ માટે આ વખતે બજેટ સત્ર દર વખત કરતા થોડું વહેલુ બોલાવાશે. કેન્દ્રના તથા રાજયના કેવાં અને કેટલા અધિકારીઓને કઈ જવાબદારી સોંપવી તેનો નિર્ણય કરાશે. આટલા બધા કર્મચારીઓને જલ્દીથી કોઈ કામ સોંપવું પડે. કઈ રકમ સુધીનું કામ ક્યાં અધિકારીને સોંપવું તેની ચર્ચા કેન્દ્રીય નાણાપ્રધાન સાથે કર્યા બાદ નક્કી થશે.

### આમ આદમીને રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપને ટેક્સમાં ચાર ટકાનો ફાયદો થશે. આવી જ રીતે કોમ્પ્યુટર્સ અને પ્રોસેસ્ડ ફુડ્સ પર હાલમાં ૯-૧૫ ટકાના ટેક્સ સ્બે છે જેની સામે જીએસટીમાં આ દર ૧૨ ટકા છે. આ ચીજ વસ્તુઓ પર પણ સામાન્ય રીતે ફાયદો થશે. સાબુ, તેલ અને શેવિંગ્સ સ્ટિક્સ હાલમાં ૧૫-૨૧ ટકાના ટેક્સ સ્લેબમાં આવે છે પરંતુ જીએસટીમાં આ દર ૧૮ ટકા છે. આમાં પણ સામાન્ય વ્યક્તિને લાભ થશે., એલઈડી ટીવી પર સામાન્ય વ્યક્તિ પર બોજ વધશે. હાલમાં આ વસ્તુઓ પર ૨૧ ટકા ટેક્સ લાગે છે. જેના માટે જીએસટીમાં ૨૮ ટકા ટેક્સ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. સોના પર સર્વિસ ટેક્સના સંબંધમાં હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી.

લાઈફને વધુ સરળ બનાવવા અને બિઝનેસ કારોબારને સરળ બનાવવામાં મદદ મળશે. કારને ૨૮ ટકાના બ્રેકેટમાં રાખવામાં આવી છે. નાની કાર ઉપર રિબેટ અથવા તો છુટ છાટ મળશે. લકજરી વાહનો ઉપર સેસ લાગૂ થઈ શકે.

### મોદી ખોટુ બોલે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાન્ય વ્યક્તિના પરિવારની સાથે પણ આવું વર્તન કરવામાં આવે છે. કોઈપણ પરિવાર સાથે આ પ્રકારનું વર્તન થવું જોઈએ નહીં. રાહુલે રામકિશન ગ્રેવાલની આત્મહત્યાના મામલામાં વન રેંક વન પેન્શનનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલે કહ્યું હતું કે, પૂર્વ સૈનિકોએ તેમને કહ્યું છે કે, આ પૈસાનો મામલો નથી. સન્માન અને ન્યાયનો મામલો છે. સરકારે વન રેંક વન પેન્શન આપ્યું નથી. જો આવું રહ્યું હોત તો ભૂતપૂર્વ જવાનો જંતરમંતર ઉપર કેમ બેઠા હોત. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે કહ્યું હતું કે, આજે તેમની સાથે અનેક વરિષ્ટ લોકો જેમાં પૂર્વ જવાનો પણ હતા તે લોકો મળ્યા હતા. આ લોકો કહી રહ્યા હતા કે, સરકારે માત્ર પેન્શનમાં વધારો કર્યો છે. રાહુલે વડાપ્રધાન ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદી દેશના લોકો સમક્ષ ખોટી વાત કરી રહ્યા છે. પૂર્વ સૈનિકોને તરત વન રેંક વન પેન્શન આપવામાં આવે તેવી વાત રાહુલે કરી હતી. કોંગ્રેસના ઉપપ્રમુખે કહ્યું હતું કે, ઓઆરઓપી લશ્કરી જવાનોનો અધિકાર છે અને સરકારે તેને આપવાની જરૂર છે.

### પસંદગીના ઉમેદવાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે તો અખિલેશ યાદવ જ રહ્યા છે. ૨૬-૨૮ ઓક્ટોબર વચ્ચે કરવામાં આવેલા સર્વેમાં પાંચ વિધાનસભા સીટ પર કુલ ૧૫૦૦ લોકોને પ્રશ્ન કરવામાં આવ્યા હતા. સમાજવાદી પાર્ટીની અંદર ચાલી રહેલી લડાઈનો ફાયદો કોને થશે તે અંગે પુછવામાં આવતા ૩૯ ટકા લોકોએ કહ્યુ હતુ કે આનો ફાયદો ભાજપને થશે. જ્યારે ૨૯ ટકા લોકો બહુજન સમાજવાદી પાર્ટીને ફાયદો થશે તેવી પણ વાત કરી રહ્યા છે. માત્ર ૭ ટકા લોકોએ કહ્યુ હતુ કે આનો ફાયદો કોંગ્રેસને થનાર છે.

### ઉપવાસ આંદોલન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રીતે નશામાં ચૂર બની ગયું છે તેવી હાલત ગુજરાતની થઈ રહી હોવાનું કહીને અલ્પેશ ઠાકોરે ગુજરાતને નશાની ચુંગાલમાંથી બહાર કાઢવા આંદોલનની જાહેરાત કરી છે. દારૂબંધી અને બેરોજગાર યુવાનોને રોજગારી આપવાના બે મુખ્ય મુદ્દાઓની માંગણી સાથે અલ્પેશ ઠાકોર છઠ્ઠી ઓક્ટોબરે ગાંધીનગર શહેરના સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન પર લાખોની સંખ્યામાં તમામ સમાજના લોકોને સાથે રાખીને બેસવાનો હોવાની જાહેરાત કરી છે. અલ્પેશ ઠાકોરનું કહેવું છે કે ઉપરોક્ત માંગણીઓનો સરકાર સ્વિકાર નહીં કરે ત્યાં સુધી ઉપવાસ આંદોલન ગાંધીનગરમાં ચાલુ રહેશે. આશરે પાંચ લાખ લોકો આંદોલનમાં જોડાય તેવી શક્યતા અલ્પેશ ઠાકોરે વ્યક્ત કરી છે. જો કે પોલીસના અંદાજ મુજબ ૨૫ હજાર જેટલી જન સંખ્યા આંદોલનમાં જોડાશે. આ દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર રેન્જના ચાર જિલ્લાની પોલીસ બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવનાર છે. છઠ્ઠી ઓક્ટોબરે પાટનગરમાં ચાર એસ.પી., ૮ ડીવાયએસપી, ૨૭ પીઆઈ, ૭૫ પીએસઆઈ, ૫૫૦ પોલીસ, ૧૧૦ મહિલા પોલીસ, ૫૦ ટ્રાફીક પોલીસ અને સાત કંપની એસઆરપી તૈનાત કરી દેવામાં આવશે.

### ભારે ઉત્સાહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યા છે. ચાર-પાંચ દિવસના સારા વરાપને અંતે દેવ દિવાળીથી રવિસિઝનની વાવણી થશે તેમ મનાઈ રહ્યુ છે.

ઠંડીનો પારો આ વખતે સારો રહેશે કારણ કે ઠંડી થોડીક વહેલી શરૂ થઈ ગઈ છે અને પ્રથમ રાઉન્ડમાં જ ૧૬ થી ૧૮ ડિગ્રી સુધીનું રાત્રિનું તાપમાન નોંધાયું હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.























